ભોપાનગરની રેલવે ફાટકે કાયમી ટ્રાફિક ચક્કાજામ

વાહન ચાલકો સાથે લોકોની રોજની હૈયાહોળી ઓવર કે અંડર બ્રિજની માંગ વર્ષોથી અધ્ધરતાલ

ડીસા, તા.૨૯

બનાસકાંઠા જિલ્લાને પાટણ જિલ્લા સાથે જોડતા એકમાત્ર ડીસા - પાટણ હાઈવે ઉપર આવેલ ભોપાનગર નજીકની રેલવે ફાટક

અવારનવાર બંધ હોય છે જેથી ઈમરજન્સીમાં હૈયા હોળી સર્જાવા સાથે વાહનોની લાંબી લચક લાઈનો લાગી જતા ટ્રાફિક ચક્કાજામ થાય છે જે ટ્રાફિકમાં વાહન ચાલકો અને લોકો પણ અટવાય છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાથી સંકળાયેલ હાઈવે પાટણ અને છેક કાઠિયાવાડને જોડે છે તેથી આ હાઈવે ઉપર રાત- દિવસ વાહનોનો વધુ પડતો ઘસારો રહે છે હાઈવે રોડ સારો છે પરંતુ ડીસાને અડીને આવેલા ભોપાનગરની રેલવે ફાટક 'બમ્પ અહેડ' પુરવાર થાય છે કારણ આ રેલવે લાઈન ઉપર કંડલા પોર્ટના કારણે મુસાફર ટ્રેનો ઓછી પણ ૨૦૦ થી ૨૫૦ ડબ્બા ધરાવતી ડબલ ડેકર માલગાડીઓ વધુ દોડે છે તેથી ફાટક વારંવાર બંધ હોય છે. જેના કારણે થોડીવારમાં ફાટકની બન્ને બાજુ વાહનોની વણઝાર જામી જાય છે ફાટક બંધ રહેતા બીમારી સહિતની ઈમરજન્સીમાં હાડમારીઓ વધી પડે છે.

ઘણી વાર ફાટક મેન ફાટક ખોલવામાં વિલંબ કરે છે તો અમુક સમયે બે બે ગાડીની આવન-જાવનના ડબલ ડોઝના કારણે લોકો લટકી પડે છે જ્યારે લોકોનો 'ટાઈમ શિડયુલ' ખોરવાઈ જતા અગત્યના કામો અટવાઈ પડે છે. વિદ્યાર્થીઓ અને નોકરિયાતો પણ રઝળી પડે છે. જેને લઈ વર્ષોથી અહીં ઓવર કે અંડર બ્રિજ બનાવવા જાગૃત લોકો રજૂઆતો કરે છે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ઠરાવ સહિત લેખિતમાં અવાજ ઉઠાવે છે પણ માર્ગ અને મકાન (સ્ટેટ હાઈવે) વિભાગના સરકારી બાબુઓ આ વ્યાજબી રજુઆત કાને ધરતા નથી રેલવેના અધિકારીઓ પણ ઈરાદાપૂર્વક આંખ આડા કાન કરે છે તેથી હજારો લોકો ભારે હાડમારી વેઠી રહ્યાં છે. ત્યારે જિલ્લાના સાંસદ પરબતભાઈ પટેલ અને જિલ્લા કલેકટર પ્રજાને વર્ષોથી કનડતા આ પ્રશ્નનું નિરાકરણ લાવે તેવો જનમત પ્રવર્તે છે.

મેઢાસણમાં સ્થાનિકોએ જાહેર રસ્તા પર પાળો નાખી દેતાં ગંદકીના ઢગ ખડકાયા

સરપંચની બેદરકારીને કારણે આરોગ્ય સામે ખતરો હોવાનો આક્રોશ સ્થાનિકોએ ઠાલવ્યો

મોડાસા, તા. ૨૯

એક તરફ જીલ્લામાં ઠેર ઠેર સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યુ છે ત્યારે બીજી તરફ મોડાસા તાલુકાના મેઢાસણ ગામ ગંદકીથી ખડબદી રહ્યુ છે. ગામના પ્રજાપતિ વિસ્તાર તરફ કેટલાંક લોકોએ વારંવાર ગંદકી મુદ્દે સરપંચને રજુઆત કર્યા બાદ પણ સરપંચે નિકાલ ન કરતાં ઠાકોર સમાજનાં લોકોએ જાહેર માર્ગ પર માટીનો પાળો નાખી દેતા આ વિસ્તારમાં ગંદકીના ઢગ ખડકાયા છે. મેઢાસણ ગામમાં અનુ.જાતિ સમાજના ઘર પાછળ રોડ પર પાણી ભરાઈ રહેતા અસહ્ય ગંદકી અને માથું ફાડી નાખે એવી દુર્ગંધથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાનો ભોગ બની રહ્યા હોવા છતાં ગ્રામ પંચાયત રોડ પર ભરાઈ રહેલ પાણી અને ગંદકી દૂર કરવામાં આંખ આડે કાન કરતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં છેલ્લાં ઘણાં સમયથી ગંદકીની સમસ્યા પ્રવર્તી રહી છે. વારંવાર સ્થાનિકો દ્વારા ગંદકી મુદ્દે ગ્રામસભાઓમાં તેમજ સરપંચ અને તલાટી સમક્ષ અનેક ફરિયાદો કરવા છતાં આખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે. બે વર્ષ અગાઉ ગંદકીને કારણે મેઢાસણ ગામમાં અનેક ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ આવ્યાં હતા. પરતું સ્થાનિક પ્રતિનિધિઓના પેટનું

પાણી પણ હલતું ના હોય તેમ ગંદકીના નિકાલ બાબતે સતત દૂર્લક્ષ સેવતા ગામના કેટલાક વિસ્તારોની હાલત બદથી પણ બદતર થઈ ગઈ છે. મેઢાસણ ગામનાં પ્રજાપતિ વિસ્તાર પાછળ રહેતાં ૪ ઠાકોર પરિવારો દ્વારા સતત ગંદકી મુદ્દે સરપંચ સમક્ષ ફરિયાદો કર્યા બાદ પણ નિવેડો ના આવતાં આ પરિવારોએ જાહેર માર્ગ પર માટીનો પાળો નાખી દેતા આ વિસ્તારમાં ગંદકીના ઢગ ખડકાયા છે. જાહેર માર્ગ પર ગંદકી ફેલાતા રાહદારીઓ તેમજ વિધાર્થીઓને પણ પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. જોકે ૨ દિવસથી આ મામલે સ્થાનિકો દ્વારા સરપંચને રજુઆત કરવા છતાં સરપંચ જગદીશભાઈ પટેલ કે ડેપ્યુટી સરપંચ ફરકયા સુધ્ધાં ન હોવાનો સ્થાનિકોએ આક્રોશ વ્યકત કર્યો હતો. રહેણાંક વિસ્તારમાં પાળો નાખવાનું ખુદ સરપંચે જ સુચવ્યુ હોવાનું ઠાકોર પરિવારના ઈસમોએ જણાવ્યું હતુ. જો રહેણાંક વિસ્તારમાં ગ્રામપંચાયત દ્વારા આ ગંદકીનો સત્વરે નિકાલ નહીં કરાય તો આ વિસ્તારના રહીશોમાં ભારે રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઊભી પણ થઈ છે.

અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ખાતે દાંતા પ્રાન્ત કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

વડગામ, તા. ૨૯

અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ખાતે દાંતા પ્રાન્તકક્ષાનો પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં અમીરગઢ તાલુકા પંચાયતના પ્રમુખ રણજીતસિંહ ડાભી, ભારતીય જનતા પાર્ટીના

અમીરગઢ તાલુકા પ્રમુખ પ્રવિણભાઈ પ્રજાપતિ, તાલુકા ભાજપના મહામંત્રી, અમીરગઢ મામલતદાર વિનોદભાઈ ખરાડી, તાલુકા વિકાસ અધિકારી ડી.જી. રાજપુત, અમીરગઢ આઈ.સી. ડી. એસ.ના સી.ડી.પી.ઓ. શાન્તાબેન દેસાઈ, ઈકબાલગઢ સેજાના આંગણવાડી સુપરવાઈઝર પુષ્પાબેન પરમાર, રેખાબેન ડાભી, સહીત ઝાંઝરવા આંગણવાડીના કાર્યકર જ્યોત્સનાબેન ભવાની, ઈકબાલગઢ આંગણવાડીના કાર્યકર કુન્દનબેન જોષી, દુર્ગા બેન જોષી, અમિતાબેન પટેલ, આશાબેન જોષી, જ્યોત્સનાબેન માજીરાણા, સવિતાબેન, લાસીબેન સહીતની આંગણવાડી કાર્યકર બહેનો, મલ્ટીપરપઝ વર્કર પંકજભાઈ કરણ હાજર રહ્યા હતા. દાતા પ્રાન્તકક્ષાના સેવાસેતુ કાર્યક્રમમાં અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ, ઝાંઝરવા, આંબાપાણી સહીત સાત ગામોના લોકોને સ્થળ ઉપરજ સરકારના ઉમદા હેતુથી સામે જઈને લોકોને 'મા અમૃતમ યોજના'ના કાર્ડ 'મા વાત્સલ્ય કાર્ડ' આયુષ્ય મન ભારત સહિતના લાભાર્થીઓને સ્થળ ઉપર જ લાભ આપવામાં આવ્યો હતો. તેમજ આવક જાતિના દાખલા પણ સ્થળ મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ હતી. આરોગ્યના પ્રતિનિધિ તરીકે હાજર રહેલા એમ.એન. રાઠોડ દ્વારા આરોગ્ય વિભાગ દ્વારા ટ્રાયબલ વિસ્તારમાં પ્રેગ્નેટ મહિલાઓ માટે ખાસ અલગ મમતા ઘરની સુવિધા આપવામાં આવી રહી છે. જેમા મહિલાને પ્રસુતિ સમયે રહેવાની જમવાની સગવડ પુરી પાડવામાં આવી રહી છે. તેમજ પ્રસુતિ બાદ ઘરે પહોચાડવામાં આવે છે અને ઘર સુધીનું ભાડું પણ ચુકવવામાં આવતું હોવાની સમજ આપવામાં આવી હતી. આદીવાસી મહિલાઓને ખાસ લાભ લેવા સુચન કરાયું હતું. તેમજ કુપોષિત બાળકો બાળકોને પણ ૧૪ દિવસ સુધી રાખીને તેની ખાસ માવજત કરવામાં આવે છે અને ૧૪૦૦ રૂપિયા ચુકવવામાં આવતું હોવાનું જણાવ્યું હતું. સાથે રહેનારને રહેવા જમવાની પણ વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હોવાનું જણાવ્યું હતું. તથા સમાજ સુરક્ષા વિભાગમાંથી ઉપસ્થિત પ્રતિનિધિ દ્વારા વિકલાંગ સહાય યોજનાની માહિતી અપાઈ હતી.

પ્રાંતિજમાં તસ્કરોનો તરખાટ

એક જ રાત્રિમાં ચાર મકાનના તાળાં તોડ્યા

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં તસ્કરોનો તરખાટ એકજ

રાત્રિમાં ચાર મકાનોના તાળાં તોડી મકાનમાંથી એક લાખ દસ હજારની રોકડ રકમ તથા પાચ તોલા સોનાના દાગીનાની ચોરી કરી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ પટેલવાસ ખાતે તસ્કરોઓ દ્વારા ભરચક વિસ્તારમાં રાત્રીના સમયે ચાર બંધ મકાનના તાળાં તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનની અંદર રહેલ સર સામાન અસ્તવ્યસ્ત કરી વેરવિખેર કરી તિજોરીમાં રહેલ સોનાના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી જાણે પ્રાંતિજ પોલીસને ચેલેન્જ આપી હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે હાલ તો પટેલવાસમાં રહેતાં પંડ્યા નરેન્દ્રભાઈ હરિપ્રસાદના મકાનમાથી ૫૦ હજાર રોકડ તથા પટેલ ગોરધનભાઈ ઉગરાભાઈના મકાનમાથી પાંચ તોલા સોનાના દાગીના તથા ૫૦ હજાર રોકડા તથા પટેલ રહીબેન ગોપાલભાઈના મકાનમાથી ૧૦ હજારની રોકડ રકમની ચોરી તથા પટેલ નવનીતભાઈ ભાઈલાલભાઈના મકાનમાથી ચોરી થતાં પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવી હતી. પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાંતિજ નાનીભાગોળ ભરચક વિસ્તારમાં પટેલવાસ ખાતે ચોરી થઈ હોવાનું પ્રાંતિજના ઈતિહાસમાં પ્રથમ ઘટના છે. એપ્રોચરોડ ઉપર આવેલ ગંગોત્રી સોસાયટીમાં પણ સ્વ. પીઆઈ પરેશભાઈ ત્રિવેદીના બંધ મકાનમાં પણ તસ્કરોએ મકાનના તાળા તોડી મકાનમાં ઘુસી ઘરમા રહેલ સરસામાન અસ્તવ્યસ્ત કર્યો હતો.

વડગામ પોલીસ દ્વારા બુટલેગરો પાસેથી ઝડપેલા વિદેશી દારૂનો નાશ કરાયો

વડગામ પોલીસ દ્વારા લાખો રૂપિયાના દારૂ ઉપર બોલડુઝર ફેરવાયું

વડગામ,

વડગામ પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન તેમજ અલગ અલગ જગ્યાએથી ઝડપાયેલા વિદેશી દારૂનો બોલડુઝર ફેરવીને નાશ કરવામાં આવ્યો છે.

વડગામ થી મેમદપુર જવાના રસ્તા ઉપર ગૌચની જગ્યામાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો ઉપર બોલડુઝર ફેરવીને વિદેશી દારૂનો નાશ કરાયો હતો. જેની કીમંત રૂપિયા અગિયાર લાખ બાવીસ હજાર છસ્સો પાંચ રૂપિયાના દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હોવાનુ વડગામ પોલીસના સુત્રોએ જણાવ્યું હતું. જે દારૂના કરવાના સમયે વડગામ પીએસઆઈ એન. એન. પરમાર, ડી. વાય. એસ. પી. આર કે. પટેલે, એસ. ડી. એમ. નશાબંધી શાખાના એસ. પી. વાઘેલા અને વડગામ પોલીસ સ્ટાફ સહિતની હાજરીમાં લાખો રૂપિયાના દારૂ પર બોલડુઝર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો.

ડીસામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો પ્રારંભ

જરૂરિયાતમંદ બાળકોને લાભ આપવા ધારાસભ્યની હાકલ

ડીસા

ડીસાની આદર્શ હાઈસ્કુલ ખાતે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું ઉદ્ઘઘાટન ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાનાં વરદ હસ્તે કરવામાં આવેલ હતું. તેમાં તેમણે સરકારશ્રીએ બાળકોના આરોગ્યના આદરેલા મહાયજ્ઞ માં સાથ સહકાર આપવા તમામ સ્ટાફને સુચન કરેલ હતું. છેલ્લા એક વર્ષ દરમ્યાન હાર્ટને લગતી તકલીફવાળા તમામ ૪૮ બાળકોને સરકારશ્રીની યોજનાનો લાભ અપાવી ફ્રી માં ઓપેરશન કરાવીને તમામને તંદુરસ્તી અપાવી,એવી રીતે કીડની, કેન્સર, બહેરાશની તકલીફ વાળા બાળકોને પણ તપાસણી દરમ્યાન શોધી અને તેઓની સફળતાપૂર્વક સર્જરી કરાવીને તંદુરસ્તી બક્ષેલ છે.. તો આ નવીન વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ને સફળ બનાવવા તમામ આરોગ્ય સ્ટાફને ધારાસભ્ય દ્વારા અનુરોધ કરવામાં આવેલ હતો. તાલુકા આરોગ્ય અધીકારી ડો.જીજ્ઞેશ હરિયાણીએ સરકારના અભીગમ મુજબ શાળામાં ભણતા તમામ બાળકોની આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા તપાસણી કરવામાં આવશે અને જરૂર જણાયે ઓપરેશન પણ વિના મૂલ્યે કરાશે તેમ જણાવ્યું હતું.

ડીસાના વેળાવાપુરા ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ડીસા, તા.૨૯

આઈ. જી .પી. સુભાષ ત્રિવેદી ની સૂચના આધારે જિલ્લા પોલીસ અધિક્ષક તરુણ દુગલ તથા નાયબ પોલીસ અધિક્ષક પી. એચ. ચૌધરીની પ્રોહીબિશનની પ્રવૃતિ તથા હેરાફેરી કરતા ઈસમો સામે અમલવારી કરવાની સૂચના આધારે ડીસા તાલુકા પી. આઈ. એમ. જે. ચૌધરીને મળેલ માહિતી આધારે ડીસા તાલુકાના વેળાવાપુરા ગામે રહેતા વિજુસીંગ શિવશીંગ જાદવ અને ભરતસિંહ વખતસિંહ જાદવના ખેતરમાં તપાસ કરતા તેમના ખેતરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ ૧૯૨ કિંમત ૩૪૮૦૦નો જથ્થો કબ્જે કરી આ બન્ને વિરુદ્ધ પ્રોહીબિશન એકટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મધુસુદન માર્કેટ બનાવનાર સામે કાર્યવાહી કરવાના બદલે

લાચાર વેપારીઓ સામે રોફ જમાવતું સ્થાનિક તંત્ર

શોપિંગમાં લાઈટ શૌચાલય ફાયર સેફટી કે કોઈ જ પ્રાથમિક સુવિધા નથી

ધાનેરા નવા બસ સ્ટેશનની સામે નિયમોને નેવે મૂકી મધુસુદન માર્કેટ નામનું એક શોપિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે જેમાં પાર્કિંગ લાઈટ ફિટિંગ સોચાલય જેવી કોઈ જ પ્રાથમિક સુવિધા નથી

છતાં પણ તંત્ર આશોપિંગ બનાવવાની મંજૂરી આપી અને આજ દિવસ સુધી કોઇ કાર્યવાહી પણ નથી કરી ત્યારે આ શોપિંગમાં દુકાન ખરીદનાર લોકો ખૂબ જ મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે અને અત્યારે આશોપિંગ જર્જરિત બની ગયું હોય તેમ કહીએ તો પણ કોઈ નવાઈની વાત નથી તો બીજી તરફ પાલિકાના સત્તાધીશો દ્વારા બિલ્ડર સામે કાર્યવાહી કરવાના બદલે સામાન્ય દુકાનદારો સામે રોફ બતાવી રહ્યા છે પાંકિંગની જગ્યા પર પણ શોપિંગ માલિકે દબાણ કરી જગ્યા ભાડે આપી દીધી છે ત્યારે વાહનો મુકવા ખૂબ જ મુશ્કેલ બની ગયા છે જાહેર રસ્તા પર વાહનો મુકતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે અને લોકોને અવરજવર કરવામાં પણ ખૂબ જ મુશ્કેલી પડે છે ત્યારે લોકોની માંગ છે ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો પાંકિંગની જગ્યા ખુલ્લી કરાવે તો બીજી તરફ આ શોપિંગમાં લાઈટ ફિટિંગ ફાયર સેફટી ની પણ કોઈ સુવિધા નથી ફેર લાઈટ ના ખુલ્લા ગૂંચળા જોવા મળી રહ્યાં છે અને ખુલ્લા ગુંચળાઓના કારણે અનેક વાર શોર્ટ સર્કિટ તેમજ આગ પણ લાગી ચૂકી છે ગમે ત્યારે આગ લાગે કે શોર્ટ સર્કિટ સર્જાય તો વિદ્યુત બોર્ડના અધિકારીઓ પણ જવાબ નથી આપતા કલાકો સુધી ફોન કરવા છતાં કોઈ આવતું નથી અને જો કોઈ વેપારી એક બે કે પાંચ દિવસ લાઈટ બિલ ભરવામાં મોડું પડે તો તેની સામે થી તગડો દંડ વસુલ કરવામાં આવે છે ત્યારે સમગ્ર બાબતે વેપારીઓની માંગ છે કે બનાસકાંઠા જિલ્લાના કલેકટર શ્રી આ બાબતે એકવાર તટસ્થ તપાસ કરાવી કાયદેસરની કાર્યવાહી કરાવી તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

વાંદીયોલ સ્કૂલમાં ધોર-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનો

જંગલમાં લટકતો મૃતદેહ મળી આવતા ચકચાર

વિદ્યાર્થિની સ્કૂલમાંથી સાત દિવસ પહેલા ગુમ થઈ હતી

ભિલોડા, તા. ૨૯

ભિલોડા તાલુકાના બુધારાસણ ગામની અને ખીલોડા મામાના ઘરે રહી વાંદીયોલ હાઈસ્કૂલમાં ધો.૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ૭ દિવસ પહેલા સ્કૂલમાં ગયા પછી ગુમ થઈ જતા ભારે ચકચાર મચી હતી. ૧૭ વર્ષીય વિદ્યાર્થીનીના પરિવારજનોએ અને સગા-સંબંધીઓએ શોધખોળ હાથ ધરી હતી પરંતુ વિદ્યાર્થિનીનો અતોપતો લાગ્યો ન હતો. આ ઘટનાના ૭ દિવસ પછી ટોરડા નજીક આવેલ જંગલમાં ગળે ફાંસો ખાધેલી અને કોહવાઈ ગયેલી હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી. ભિલોડા પોલીસે ટોરડાના જંગલમાં પહોંચી યુવતીના મૃતદેહને અમદાવાદ પેનલ પીએમ માટે મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી. સગીરાના પરિવારજનોએ હત્યા કરી તેના પ્રેમીએ લાશ લટકાવી દીધી હોવાનો આક્ષેપ કરતા ભારે ખળભળાટ મચ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વાંદીયોલ હાઈસ્કૂલમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતી બુધારાસણ ગામની અને ખીલોડા મામાના ઘરે રહી ધર્મિષ્ઠાબેન ભુરજીભાઈ કટારા (ઉ.વર્ષ-૧૭) વિદ્યાર્થીની મામાના ઘરેથી અભ્યાસ કરવા વાંદીયોલ હાઈસ્કૂલમાં ગઈ હતી. મોડી રાત્રી સુધી વિદ્યાર્થીની ઘરે પરત ન ફરતા વિદ્યાર્થીના મામાએ શોધખોળ હાથ ધરી તેના ઘરે જાણ કરતા પરિવારજનો પણ દોડી આવ્યા હતા અને ધર્મિષ્ઠાની શોધખોળ હાથ ધરી હતી પરંતુ મળી ન આવતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા.

ગુરુવારે સવારે ૧૧ વાગ્યાના સુમારે ટોરડા ગામ નજીક આવેલ જંગલમાં ઝાડ સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ લટકતો હોવાનું વનવિભાગના કર્મચારીના ધ્યાને આવતા ભિલોડા પોલીસને જાણ કરતા ભિલોડા પોલીસે મૃતદેહને ભિલોડા હોસ્પિટલમાં ખસેડી મૃતદેહ નજીકથી મળી આવેલ બેગના આધારે મૃતક યુવતીના પરિવારજનોનો સંપર્ક કરતા પરિવારજનો દોડી આવ્યા હતા અને પુત્રીનો મૃતદેહ જોઈ પડી ભાગ્યા હતા. ભિલોડા પોલીસે કોહવાઈ ગયેલી હાલતમાં મળી આવેલ વિદ્યાર્થિનીના મૃતદેહનું મોતનું કારણ જાણવા માટે વિદ્યાર્થિનીના પિતાની ફરિયાદના આધારે એડી નોંધી ફોરેન્સિક પીએમ માટે અમદાવાદ મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી.

ધો.૧૨ ની વિદ્યાર્થીની ધર્મિષ્ઠાના પિતા અને પરિવારજનોએ તેમની પુત્રીની તેના પ્રેમીએ મોતને ઘાટ ઉતારી જંગલમાં લાશ લટકાવી દીધી હોવાનો આક્ષેપ કર્યો હતો અને અગાઉ પણ એક દિવસ માટે તેમની દીકરીને તેનો પ્રેમી યુવક ફોસલાવી ભગાડી ગયો હોવાનું અને બીજા દિવસે પરત હાઈસ્કૂલમાં મૂકી ગયો હોવાનું ભારે આક્રંદ સાથે જણાવ્યું હતું સગીરાએ આત્મહત્યા કે હત્યા અંગે રહસ્ય ઘૂંટાયું હતું.